eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 307
March 02, 2012



## ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૨/૨૦૧૨ના રોજ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૨/૨૦૧૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતે આયોજીત મહિલા જાગૃતિ શિબિરના મુખ્ય મહેમાન પદે પધારેલા રાજયકક્ષાના મા.મંત્રીશ્રી ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, મહિલા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૪/૦૨/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પ્રોત્સાહનાર્થે સ્વામી વિવેકાનંદના વિચારોને વ્યકત કરતુ, "હાઉ ટુ એચીવ એક્ષલન્સ થ્રુ સેલ્ફ મેનેજમેન્ટ" વિષય પર આધારિત "કર્મયોગી" નાટ્ય પ્રયોગ



સુરત મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પ્રોત્સાહનાર્થે સંવેદનશીલ સંબંધોની હળવી શૈલીમાં રજુઆત કરતું અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનિત ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ખેલ મહાકુંભ ઈનામ – વિતરણ સમારોહ

માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારશ્રીના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે છેલ્લા બે વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન થઈ રહયું છે. જે અંતર્ગત તા.૨૮/૧૧/૨૦૧૧ થી તા.૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિ : ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા"નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે,બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" તા.૨૬/૦૨/૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ,રાંદેર,સુરત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી –૨૦૧૧

સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસરીને રાજય સરકાર તરફથી સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી –૨૦૧૧ની કામગીરી તા.૧૬/૦૧/૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં તમામ કુટુંબોને ગણતરી હેઠળ આવરી લેવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૧૨નાં રોજ ભારતના માજી વડાપ્રધાન સ્વ.મોરારજીભાઈ દેસાઈની જન્મ જયંતિ નિમિત્તે સુતરાંજલિ કાર્યક્રમ

ભારતના માજી વડાપ્રધાન સ્વ.મોરારજીભાઈ દેસાઈની જન્મ જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૧૨, બુધવારનાં રોજ સવારે ૯ : ૦૦ કલાકે ડુમ્મસ ચોપાટી ખાતે આવેલ સ્વ.મોરારજીભાઈ દેસાઈની પ્રતિમાને સુતરાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ધી ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અન–ઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એકટ નં. ૨૬/૨૦૧૧ અન્વયેગેરકાયદેસર/ અનધિકૃત બાધકામ/ અનધિકૃત ઉપયોગ નિયમિત કરવાના કાયદાની સરળ સમજુતી

સુરત શહેર અને રાજયમાંના વિકાસ વિસ્તારોમાં થયેલા અનધિકૃત બાંધકામો દુર કરવાથી અગર તોડી પાડવાથી, મોટી સંખ્યામાં લોકોને હાડમારી થવાની સંભાવાના જોતાં આ અધિનિયમ હેઠળ અમુક અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની જોગવાઈઓ અનુસાર લોકજાગૃતિના હેતુસર આ સમજુતિ જાહેર જનતાના હિતમાં પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૨/૨૦૧૨ના રોજ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ



ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૨/૨૦૧૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતે આયોજીત મહિલા જાગૃતિ શિબિરના મુખ્ય મહેમાન પદે પધારેલા રાજયકક્ષાના મા.મંત્રીશ્રી ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, મહિલા બાળ વિકાસ વિભાગ, માનનીય શ્રીમતી વસુબેન ત્રિવેદી, મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી ભીમજીભાઈ પટેલ, મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, સુરત મહાનગરપાલિકા કોર્પોરેટરશ્રીઓ તથા અધિકારીશ્રીઓ તેમજ યુ.સી.ડી. વિભાગનાં ૩૦૦ જેટલા લાભાર્થી બહેનો હાજર રહયા હતા.

સ્વાગત પ્રવચનમાં નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રીએ મહિલા શિબિર યોજવાનો હેતુ જણાવ્યો હતો તથા મહિલાઓના આર્થિક, સામાજિક ઉત્થાન તથા આરોગ્યનો વિકાસ થાય તે માટે વિવિધ અમલમાં હોય તેવી સરકારી યોજનાઓની જે જાણકારી આપવામાં આવે તે પોતે, કુટુંબ તથા સમાજમાં અમલ કરવા જણાવેલ.

મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશે પણ મહિલાઓમાં આવેલ પરીવર્તનને બિરદાવ્યું હતું. નારી હવે અબળા નથી રહી, દરેક ક્ષેત્રે આજે નારી પ્રગતિનો ડંકો વાગી રહયો છે. સરકારી સહાયનો ભરપુર લાભ ઉઠાવવા બહેનોને જણાવેલ અને કૌશલ્યવર્ધક તાલીમ લઈ લોક મેળાઓમાં સ્ટોલ પ્રદર્શન રાખીને પણ રોજીરોટી મેળવી શકાય છે તેમ તેમણે જણાવેલ હતું.

મા.મેયરશ્રીએ જણાવ્યું હતું કે સિકકાની એક બાજુએ મહિલાઓએ અથાગ પ્રગતિ સાધી છે. કલ્પના ચાવલાએ અવકાશ ક્ષેત્રે ભારતનું નામ રોશન કર્યુ છે. કારગીલમાં શહીદ થયેલ વીર જવાનોની માતાઓએ પોતાના સપનાઓની આહુતિઓ આપી છે. આમ,દરેક ક્ષેત્રે મહિલાઓએ પુરૂષ સમી પ્રગતિ સાધી છે. પરંતુ સિકકાની બીજી બાજુ એ છે કે ભારત જેવા દેશમાં માદા ભૃણહત્યાઓ ધ્વારા તેનું જીવન શરૂ થાય તે પહેલા જ સમાપન થઈ જાય છે. દીકરીનો જન્મ થતાં જ તેના કરીયાવરની ચિંતા તેના માતાપિતાઓ કરતા હોય છે. દીકરી સમજી તેને પુરતુ શિક્ષણ અને આહાર આપવામાં આવતો નથી. આ બધુ અટકાવવું હશે તો આવી મહિલા શિબિરમાં આપવામાં આવતી મહિતીઓનો ઉપયોગ કરી વધુમાં વધુ સરકારી સહાયનો લાભ લેવા બહેનોને જણાવ્યું.

મા.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મહિલાઓએ જુની માનસિકતામાંથી બહાર આવવુ પડશે. આજના સ્પર્ધાત્મક યુગમાં ડગલે ને પગલે વિટંબણાઓ આવતી હોય ત્યારે બહેનોએ તેનો સામનો કરવા કટીબધ્ધ થવું પડશે. બાળમરણ તથા માતૃ મરણને ઘટાડવા સરકારશ્રી ધ્વારા ચિરંજીવી યોજના, બાળસખા યોજના, બાળ સમૃધ્ધિ યોજના વગેરે કાર્યરત કરી છે. જેનો મહત્તમ લાભ લેવા બહેનોને અનુરોધ કર્યો હતો. આજે શિવાજી જયંતિ હોય તે નિમિતે માતા જીજાબાઈના સંસ્કારોનું અનુકરણ કરવા બહેનોને કહેલ. સરકારશ્રી ધ્વારા મહિલાઓને પગભર થવા માટેની અનેક યોજનાઓ છે. જેની જાણકારી મેળવી તેનો લાભ લેવા બહેનોને અનુરોધ કર્યો હતો. અંતમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સ્ત્રીઓએ પુરૂષ સમોવડી નહીં પણ પુરૂષ સાથે રહી પ્રગતિ કરવી જોઈએ.

આ કાર્યક્રમ અંતર્ગત ડો.વિકાસબેન દેસાઈ ધ્વારા મહિલાઓની આરોગ્ય સમસ્યાઓ તથા તે અંતર્ગત સરકારી યોજનાઓ વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ શ્રી રણછોડભાઈ પટેલ, યુ.સી.ડી.વિભાગ ધ્વારા સરકારશ્રી ધ્વારા મહિલાઓની પગભર થવા માટેની વિવિધ આર્થિક યોજનાઓ વિશે જાણકારી આપી હતી. તેમજ જીલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીના શ્રી મેઘલ શાહ ધ્વારા ગ્રામીણ કક્ષાએ ઉપલબ્ધ મહિલાઓ માટેની સરકારી આર્થિક યોજનાઓ વિશે જાણકારી આપી હતી.

તથા જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડી.એસ.પટેલ ધ્વારા મહિલાઓ માટેની વિવિધ અમલમાં હોય તેવી સરકારી શૈક્ષણિક યોજનાઓ માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો.એચ.કે.સોંધરવા મેડીકલ ઓફીસર–આઈ.સી.ડી.એસ. ધ્વારા ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ કરવામાં આવેલ.

TOP

## તા.૨૪/૦૨/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પ્રોત્સાહનાર્થે સ્વામી વિવેકાનંદના વિચારોને વ્યકત કરતુ, ''હાઉ ટુ એચીવ એક્ષલન્સ થ્રુ સેલ્ફ મેનેજમેન્ટ'' વિષય પર આધારિત ''કર્મયોગી'' નાટ્ય પ્રયોગ



સુરત મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પ્રોત્સાહનાર્થે સંવેદનશીલ સંબંધોની હળવી શૈલીમાં રજુઆત કરતું અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનિત એકપાત્રીય, સ્વામી વિવેકાનંદના વિચારોને વ્યકત કરતુ, ''હાઉ ટુ એચીવ એક્ષલન્સ થ્રુ સેલ્ફ મેનેજમેન્ટ'' વિષય પર આધારિત ''કર્મયોગી'' નાટ્ય પ્રયોગ તા.૨૪/૦૨/૨૦૧૨ ના રોજ સાંજે ૬.૦૦ કલાકથી ૮.૦૦ કલાક દરમ્યાન ઈન્ડોર સ્ટેડીયમ ખાતે અત્રે રજુ કરવામા આવ્યું.

નાટય સ્પર્ધાનાં શુભારંભ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી ભીમજીભાઈ પટેલે જણાવ્યું કે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા પ્રજાભિમુખ વહીવટ માટે અધિકારી, કર્મચારીઓને તાલીમબધ્ધ કરવાના હેતુથી કર્મયોગી તાલીમનું આયોજન કરવામાં આવતું હોય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા પણ અવારનવાર તાલીમ આપવામાં આવતી હોય છે. જેના થકી માન.મુખ્ય મંત્રીશ્રીનો લોકાભિમુખ વહીવટનો અભિગમ સાર્થક નિવડેલ છે.

સભારંભના પ્રમુખશ્રી રાજેન્દ્ર દેસાઈએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે  અત્રે ઉપસ્થિત અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી આપના બધાની વચ્ચે છે. તેઓને હું હદયપૂર્વક સુરત મહાનગરપાલિકા અને અત્રે ઉપસ્થિત વિશાળ નાટ્યપ્રેમી કર્મચારીઓ વતી આવકારું છું. શ્રી ઉપેન્દ્રભાઈ એટલે લોકસંસ્કૃતિ, લોકજીવન અને લોકકલા સાહિત્યના ત્રિવેણી સંગમ સમા છે. ચાર સત્તાઓ જેવી કે ધર્મ સત્તા, રાજ સત્તા, સંત સત્તા અને ચોથી સત્તા કલા સત્તા છે જેમાં તેમણે કલા પેટે મોટુ યોગદાન આપેલ છે. તેમને કોઈએ પૂછેલ પ્રશ્ન કે પહેલા મંચ, પછી પડદો અને અંતે રાજકીય મંચ જેમાં આપનો શું અનુભવ છે. તેમણે જવાબ આપતા જણાવ્યું કે મારા જીવનમાં આ ત્રણેય આવ્યા છે. તેમાંથી રાજકીય મંચ સૌથી મુશ્કેલ રહયો છે. તેઓ ૧૯૮૫ બાદ ત્રણ વખત ધારાસભ્ય તરીકે ત્યારબાદ મંત્રીપદ અને ત્યારબાદ વિધાનસભાના અધ્યક્ષ પદે સેવા આપી છે.

ગુજરાતના સાંસ્કૃતિક વારસાને જાગૃત કરવા માટે તેઓએ ભગીરથ પ્રયાસો કર્યા છે અને હમણા પણ કરી રહયા છે.  ગુજરાતના મહાપુરૂષને તેમણે પડદા ઉપર જીવંત કર્યા છે. સરકારના વિવિધ વિભાગોમાં અધિકારી અને કર્મચારી વચ્ચેના સંબંધો ઉચ્ચ કોટીના અને એકબીજા પ્રત્યે માનભેર નજર સહિતના રહે તે આશયથી આ નાટકના સંવાદો શ્રી ઉપેન્દ્રભાઈએ પોતાની આગવી શૈલીમાં રજુ કર્યા હતા.

અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી દ્વારા સ્વામી વિવેકાનંદજીના વિચારોને વ્યકત કરતું ''કર્મયોગી'' એકપાત્રીય નાટય રજુ કરવામાં આવ્યું. આ કર્મયોગી નાટકનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓ કર્મયોગી બની વહીવટને શ્રેષ્ઠતમ બનાવવામાં સહયોગી બને એવો હતો. વધુમાં કર્મચારીઓનાં આપસી સબંધો સુમેળભર્યા રહે વધુમાં તેમણે શહેરની પ્રગતિના ચિતારની સાથે સાથે માનવીય સબંધોનું આલેખન કર્યુ હતુ. શહેરનાં લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર ડો.ભગવતીકુમાર શર્માની કવિ નર્મદની કાવ્ય રચનાને પણ રજુ કરી હતી. વધુમાં તેમણે પોતાની નાટય શૈલીમાં જણાવ્યુ હતુ કે સુરતનું બીજુ નામ જ લાગણી છે. સુરતનાં હરણફાળ વિકાસની સાથે સુરતનો વિસ્તાર જેટલો વધ્યો છે તેટલુ જ વિશાળ હદય સુરતીઓનું છે. એમ કહી શહેરીજનોની આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે મા.ડે.મેયર શ્રીમતિ વર્ષા રાણાએ માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, સાંસદશ્રી સી.આર.પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ઉર્વશીબેન રામીમાળી, મ્યુ.સદસ્યશ્રી વિજયભાઈ માસ્તર,મ્યુ.સદસ્યા શ્રીમતી રંજનબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીગણ, કર્મચારીઓ, શિક્ષકો, આમંત્રિત મહેમાનો, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જે બદલ હું અંતઃકરણ આભાર માનું છું.

TOP

## ખેલ મહાકુંભ ઈનામ – વિતરણ સમારોહ



માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારશ્રીના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે છેલ્લા બે વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન થઈ રહયું છે. જે અંતર્ગત તા.૨૮/૧૧/૨૦૧૧ થી તા.૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન ''ખેલ મહાકુંભ ૨૦૧૧''નું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેરને નવ સ્પોર્ટસ ઝોનમાં વહેંચી વિવિધ ૨૦ રમતો અલગ અલગ વયગ્રૃપમાં, સ્ત્રી અને પુરૂષના વિભાગમાં યોજવામાં આવી હતી. જે અંતર્ગત મ્યુનિસિપલ કક્ષાએ વિવિધ રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ / ટીમોને રોકડ પુરસ્કાર વિતરણ સમારોહ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૨/૨૦૧૨ને શુક્રવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

પ્રમુખ સ્થાનેથી ઉદબોધન કરતા માન. મેયરશ્રીએ ખેલ મહાકુંભ ના પુરસ્કાર અંગેની વિગત આપી જણાવ્યું હતું કે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્કુલના વિદ્યાર્થીઓ, અન્ય ક્ષેત્રે રહેલ યુવાનોમાં રમત પ્રત્યે રૂચિ કેળવાય અને માતા પિતાઓ પોતાના બાળકોને પણ વિવિધ રમતોમાં ભાગ લેવા પ્રોત્સાહન આપે તેવા ઉમદા હેતુથી તથા નવી પ્રતિભાઓનો વિકાસ થાય અને રમતવીરો શહેર, રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કરે તેવી ભાવનાથી આવા આયોજનો થઈ રહયા છે. ભવિષ્યમાં પણ દર વર્ષે આ રીતના આયોજનો થતાં રહેશે. અને આપ સર્વે તેમાં સહભાગી થઈ આયોજનને સફળ બનાવશો એવી શુભકામના વ્યકત કરી હતી.

શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગે ઉપસ્થિત મહેમાનો તથા રમતવીરોને આવકારતા જણાવ્યું હતું કે રાજય સરકારે પણ રમત પ્રવૃત્તિઓનો વ્યાપ ગામડાઓ સુધી પહોંચે અને સમાજનો છેલ્લામાં છેલ્લી વ્યકિત પણ આ પ્રવૃત્તિ સાથે જોડાય તે આશયથી છેલ્લા બે વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેને કારણે પંદર લાખથી વધુ સંખ્યામાં ગુજરાતના ખેલાડીઓ ભાગ લઈને વિશ્વમાં સૌથી વધુ સંખ્યા ધરાવતા રમોત્સવમાં ચાલુ વર્ષે ૪૫ વર્ષથી વધુ તેમજ ૬૦ વર્ષથી મોટી ઉંમરના વયસ્ક ખેલાડીઓને માટે પણ કેટલીક રમતો રમાડવામાં આવી રહી છે. આમ આ મહોત્સવમાં અબાલ–વૃધ્ધ પણ ભાગ લઈ રહ્યા છે. તે માટે આનંદની અને ગૌરવ ની લાગણી વ્યકત કરી હતી.

ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે વિજેતાઓને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર વિતરણ સમારોહમાં ૧૪૮૨ સ્પર્ધકો પૈકી વ્યકિતગત ઈવેન્ટમાં પ્રથમ વિજેતાને ૪૫૦૦/–, દ્વિતીય વિજેતાને ૨૭૦૦/– અને તૃતીય વિજેતાને ૧૮૦૦/– અને ટીમ ઈવેન્ટમાં દરેક ખેલાડીને પ્રથમ વિજેતાને ૨૭૦૦/–, દ્વિતીય વિજેતાને ૧૮૦૦/– અને તૃતીય વિજેતાને ૯૦૦/– રોકડ પુરસ્કારના ચેકો તેમજ પ્રમાણપત્ર મળી અંદાજીત કુલ રૂા.૩૧,૫૦,૦૦૦/–ના રોકડ પુરસ્કારના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમારંભમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ,સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ,રમતવીરો, વ્યાયામ શિક્ષકો તથા નગરજનો માટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## હરિ : ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા"નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે,બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" તા.૨૬/૦૨/૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ,રાંદેર,સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના ૯ થી ૧૧ અને ૧૨ થી ૧૩ વર્ષની વયગ્રુપ મળી કુલ ૮(આઠ) વિભાગમાં યોજવામાં આવી હતી. સૌ પ્રથમ દોડ સ્પર્ધાની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોએ લીલી ઝંડી આપી શુભારંભ કરાવ્યો હતો. ચાર ગ્રુપમાં દોડ સ્પર્ધા બાદ સાયકલ સ્પર્ધાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ સ્પર્ધા પણ ચાર વિભાગમાં યોજાઈ હતી. સ્પર્ધા બાદ નીચે જણાવેલ વિજેતાઓને મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગાર્ડન સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીનાબેન હિંગુ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ,કનૈયાભાઈ છત્રપતિ, સનમુખભાઈ જીનવાલાના વરદહસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.



**દોડ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | **અ**<br>**૯ થી ૧૧ વર્ષ** | **બ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** | **ક**<br>**૯ થી ૧૧ વર્ષ** | **ડ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** |
| પ્રથમ | રીતિક કિશન ભાટીયા | શાહ દિપ દક્ષય | સારંગ ડોલ્ફી બકુલભાઈ | રાશિ એન.પટેલ |
| દ્વિતિય | કલર ડી.વીમાવાલા | સેઈલર ભાર્ગવ ચિરાગભાઈ | મીતી કે.અમીચંદવાલા | મોનિકા મુકેશભાઈ નાગપુરે |
| તૃતિય | હર્ષ વિમલકુમાર ભગત | જય મહેશભાઈ શર્મા | પલક બી.ટંડેલ | ખુશ્બુ રમેશભાઈ સેલર |

**સાયકલ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | **અ**<br>**૯ થી ૧૧ વર્ષ** | **બ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** | **ક**<br>**૯ થી ૧૧ વર્ષ** | **ડ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** |
| પ્રથમ | રીતિક કિશન ભાટીયા | શાહ દિપ દક્ષય | મિતી કે.અમીચંદવાલા | મોનિકા મુકેશભાઈ નાગપુરે |
| દ્વિતિય | સમકિત કલાપીભાઈ વીમાવાળા | ચત્રાંગ મુકેશ મોરે | ગજજર યુતિ પિયુષ | ફાયગ અવની બકેશભાઈ |
| તૃતિય | ગઢવી ઋષિ કલ્પેશભાઈ | સ્મિત વિજયભાઈ સેલર | નિશા અભયભાઈ રાઠવા | નેહલ ભરતભાઈ પટેલ |

આ સ્પર્ધામાં કુલ અંદાજે ૧૮૦થી પણ વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ ગીફટ, હરિઃૐ આશ્રમ ધ્વારા પુ.શ્રી મોટાના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી –૨૦૧૧

સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસરીને રાજય સરકાર તરફથી સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી –૨૦૧૧ની કામગીરી તા.૧૬/૦૧/૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં તમામ કુટુંબોને ગણતરી હેઠળ આવરી લેવામાં આવશે.

આ વસતિ ગણતરી હેઠળ પ્રાપ્ત થયેલ માહિતી જે વિકાસની વિવિધ યોજનાઓના અમલીકરણ અને લાભાર્થીઓની પસંદગી કરવાની કામગીરી માટે ઉપયોગી થશે.

આ વસતિ ગણતરી હેઠળ પ્રત્યેક કુટુંબોના તમામ સભ્યોના નામ, ઉમર, શૈક્ષણિકસ્તર, આર્થિક પ્રવૃત્તિની વિગત, વૈવાહિક દરજજો, જાતિ / જનજાતિની વિગતો, ધર્મ, કુટુંબની અસ્કયામતોની વિગતો તથા કુટુંબના કોઈ સભ્ય શારીરિક વિકલાંગ કે માનસિક રીતે અશકત છે કે કેમ ? વગેરે વિગતો એકત્ર કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમના સંબંધમાં પ્રજાજન જરૂરી જાણકારી મેળવી શકે તથા તેની જાણકારી, સુચનો તથા ફરીયાદ નિવારણ માટે કમિશનરશ્રી ગ્રામ વિકાસ ગુજરાત રાજય ગાંધીનગરની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન ટોલ ફ્રી ટેલીફોન નં. ૧૮૦૦–૨૩૩–૧૦૧૬ ની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આમ, જનતાને તેમની જાણકારી, સુચનો તથા ફરિયાદ નિવારણ માટે ટોલ ફ્રી ટેલીફોન નં. ૧૮૦૦–૨૩૩–૧૦૧૬ ની સેવાનો લાભ લેવા વિનંતી છે.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૧૨નાં રોજ ભારતના માજી વડાપ્રધાન સ્વ.મોરારજીભાઈ દેસાઈની જન્મ જયંતિ નિમિત્તે સુતરાંજલિ કાર્યક્રમ



ભારતના માજી વડાપ્રધાન સ્વ.મોરારજીભાઈ દેસાઈની જન્મ જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૧૨, બુધવારનાં રોજ સવારે ૯ : ૦૦ કલાકે ડુમ્મસ ચોપાટી ખાતે આવેલ સ્વ.મોરારજીભાઈ દેસાઈની પ્રતિમાને સુતરાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયર શ્રીમતિ વર્ષા રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીગણ, કર્મચારીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સૂતરાંજલિ અર્પણ કરી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા

## ધી ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અન–ઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એકટ નં. ૨૬/૨૦૧૧ અન્વયેગેરકાયદેસર/ અનધિકૃત બાધકામ/ અનધિકૃત ઉપયોગ નિયમિત કરવાના કાયદાની સરળ સમજુતી

સુરત શહેર અને રાજયમાંના વિકાસ વિસ્તારોમાં થયેલા અનધિકૃત બાંધકામો દુર કરવાથી અગર તોડી પાડવાથી, મોટી સંખ્યામાં લોકોને હાડમારી થવાની સંભાવાના જોતાં આ અધિનિયમ હેઠળ અમુક અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની જોગવાઈઓ અનુસાર લોકજાગૃતિના હેતુસર આ સમજુતિ જાહેર જનતાના હિતમાં પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે.

❖ **<u>અનધિકૃત વિકાસ એટલે શું ?</u>**

"અનધિકૃત વિકાસ" એટલે મકાન અથવા તેના કોઈ ભાગ માટે પરવાનગી મેળવી ન હોય અથવા મેળવેલી હોય પરંતુ આવી પરવાનગીનું ઉલ્લંઘન કરીને વિકાસ કર્યો હોય તેવો વિકાસ.

❖ **<u>કઈ તારીખ સુધીના બાંધકામો નિયમિત કરાવી શકાય?</u>**

મંજુર પ્લાન વિનાનું અથવા મંજુર થયેલ પ્લાન ઉપરાંતનું બાંધકામ હોય તથા આવાં બાંધકામો અંગે નોટીસ મળી હોય કે ન મળી હોય પણ તા. ૨૮/૦૩/૨૦૧૧ પહેલાં વપરાશ યોગ્ય બાંધકામ થયેલું હોય તેવાં નીચે જણાવ્યા મુજબના અપવાદ બાદ કરીને બાકીના અમુક અનધિકૃત વિકાસ આ કાયદા હેઠળ નિયમિત કરી શકાશે.

❖ **<u>કયા બાંધકામ નિયમિત નહી કરી શકાય ? (કલમ:૧૦(૨) તથા નિયમ: ૧૧)</u>**

(અ) નીચે પૈકીની કોઈપણ જમીનો ઉપર અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હોય ત્યારે તે કિસ્સામાં અનધિકૃત વિકાસ નિયમિત કરી શકાશે નહી :–

(૧) સરકાર, સ્થાનિક સત્તા મંડળ અથવા વૈધાનિક મંડળની માલિકીની જમીનઃ

(૨) કોઈ ચોકકસ હેતુ માટે સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા વૈધાનિક મંડળે સંપાદિત કરેલી અથવા ફાળવેલી જમીન.

(૩) વિકાસ યોજના અથવા નગર રચના યોજનામાં દર્શાવેલ રસ્તાની લાઈનદોરી હેઠળની અથવા જાહેર માર્ગની લાઈનદોરી હેઠળની જમીનઃ

(૪) વિકાસ યોજના અથવા નગર રચના યોજના હેઠળ મુકરર કરેલી અથવા અનામત રાખેલી જમીનઃ

(૫) જે જમીનો માટે કલેકટરની પૂર્વ મંજુરી લેવી જરૂરી હોય, પંરતુ મંજુરી લીધેલ ન હોય તેવી જમીન નિયમિત ન થાય ત્યાં સુધીઃ

(૬) જળમાર્ગો અને જળાશયો જેવા કે તળાવનાં પટો, નદીનાં પટો,કુદરતી ગટર વ્યવસ્થા અને આવા બીજા સ્થળોઃ

(૭) ત્રાસદાયક અને જોખમી ઔદ્યોગીક વિકાસના હેતુ માટે અલગ રાખેલા વિસ્તારઃ

(બ) અનધિકૃત વિકાસ નિયમિત કરી શકાશે નહી, જો તે :–

(૧) રાજય સરકાર ઠરાવે તેવી ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ તેમજ બીજી બાબતોઃ

(૨) પ્લોટની હદ બહાર નીકળી આવેલા ભાગોઃ

(૩) આરોગ્યને હાનીકારક અથવા આરોગ્ય માટે જોખમ ઉભું કરી શકે તેવો વપરાશ ફેરઃ

(૪) પાણી પુરવઠા, ગટર–વ્યવસ્થા, ગટર યોજના, વીજળી અથવા ગેસ અથવા બીજી કોઈપણ લોકપયોગી સેવાના પુરવઠાના સાધનોની લાઈનદોરી હેઠળ આવતું હોયઃ

(૫) રાજય સરકાર ઠરાવે તેવો અનધિકૃત વિકાસઃ

(૬) મળવાપાત્ર એફ.એસ.આઈ. ૧ (એક) કરતા ઓછો હોય તેવા નિયંત્રીત ઝોનઃ

(૭) Obnoxious and Hazardous ઔદ્યોગીક ઝોનમાં મંજુરીપાત્ર ન હોય તેવા ઉપયોગોઃ

(૮) જોખમકારક બિલ્ડીંગ અથવા તેનો ભાગઃ

(૯) કબ્રસ્તાન, સ્મશાન વિગેરેના ઉપયોગ માટે વપરાયેલ જમીનોઃ

(૧૦) પાર્કિંગના વિનિયમોનો ભંગ થતો હોય તેવા કિસ્સાઓમાં મલ્ટીપ્લેક્ષ, સિનેમા થિયેટર, મેરેજ હોલ વિગેરેના અનધિકૃત બાંધકામઃ

(૧૧) નામદાર કોર્ટ ધ્વારા યથાવત પરિસ્થિતિ જાળવવા હુકમ કરવામાં આવેલ હોય તેવી જમીનોમાં થયેલ બાંધકામઃ

Continue …

❖ **<u>માર્ગદર્શન અને અરજીપત્રક કયાંથી મળશે ?</u>**

૧. આ કાયદા બાબતનું માર્ગદર્શન તથા અરજી પત્રકો સુરત મહાનગરપાલિકાની શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાની કચેરી તેમજ તમામ ઝોન કચેરીએથી/ તમામ સિવીક સેન્ટર પરથી કચેરીના કામકાજના દિવસોએ સવારે : ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ દરમ્યાન મેળવી શકાશે. આ ઉપરાંત ,સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

❖ **<u>કયા પ્રકારના બાંધકામો નિયમીત કરી શકાશે ?</u>**

(૧) ભોંયતળિયા પર આવરી લીધેલો વિસ્તાર (ગ્રાઉન્ડ કવરેજ)
(૨) બાંધકામ વિસ્તાર (બિલ્ટઅપ એરીયા)
(૩) મકાનની ઉંચાઈ
(૪) વપરાશ ફેર (ચેન્જ ઓફ યુઝ)
(૫) સહીયારા કોમન પ્લોટમાં થયેલ બાંધકામ
(૬) પાર્કિંગમાં થયેલ બાંધકામ ( શરતોને આધિન)

❖ **<u>અનધિકૃત બાંધકામ બે વિકલ્પે નિયમિત કરી શકાશે.</u>**

(અ) સુરત મહાનગરપાલિકા તરફથી નોટીસ મળ્યેથી ૩૦ દિવસમાં વિગતો રજુ કર્યથી,
(બ) અરજદાર જાતે " બી " ફોર્મમાં અરજી કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ સુરત મહાનગરપાલિકાના સંબંધિત સત્તાધિકારી ધ્વારા ફીના નાંણા જમા કરવા નોટીસ આપવામાં આવશે, નોટીસ મળ્યેથી ૩૦ દિવસમાં નાણાં જમા કરવાના રહેશે.

❖ **<u>કાર્ય પધ્ધતિ</u>**

તા.૨૦–૨–૨૦૧૨ થી ૬(છ) માસ માં ઉપરોકત દર્શાવેલ ૧ થી ૬ બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી નોટિસ મળ્યેથી, ૩૦ (ત્રીસ) દિવસમાં નિયત અરજી પત્રકમાં જરૂરી નકશા, બાંહેધરી તથા પુરાવાઓ સાથે અરજી કરી શકાશે અથવા નોટિસ મળેલ ન હોય તો પણ અરજદાર નિયત ફોર્મમાં અરજી કરી શકશે.

❖ અરજીની સાથે રજુ કરવાના પુરાવાઓ, એન.ઓ.સી, નકશા વિગેરે સંબંધી તથા ઈમ્પેકટ ફીના દરો અને ગણતરી સંબંધી જાણકારી સુરત મહાનગરપાલિકાની દરેક ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગ તથા મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મળી શકશે.

(એ) માલીકી અંગે :–

૧. રેવન્યુ રાહે માલીક તરીકે અરજી કરવા અરજદારે નીચે મુજબના પુરાવા રજુ કરવાના રહેશે.
- (૧) ૭/૧૨નો ઉતારો/પ્રોપર્ટીકાર્ડ
- (૨) ર. સોસાયટીનો એલોટમેન્ટ લેટર તથા શેર સર્ટીફીકેટ
- (૩) મ્યુનિસિપલ ટેક્ષ બીલ.
- (૪) કો.ઓપ.હા.સો.ના ચેરમેન/સેક્રેટરીની લેખિત સંમતિ.

૨. રેવન્યુ રાહે માલિક તરીકે પાવર ઓફ એટર્ની ધરાવતા કબ્જેદારો ધ્વારા અરજી કરવા અરજદારે નીચે મુજબના પુરાવા રજુ કરવાના રહેશે.
- (૧) અનુ.નં. ૧માં જણાવ્યા મુજબના પુરાવા
- (૨) પાવર ઓફ એર્ટનીની સર્ટીફાઈડ નકલ.
- (૩) ઈલેકટ્રીક બીલ/લેન્ડ લાઈન ટેલીફોન બીલ.

૩. રેવન્યુ રાહે કબ્જેદાર ધ્વારા અરજી કરવા અરજદારે નીચે મુજબના પુરાવા રજુ કરવાના રહેશે.
- (૧). અનુ.નં. ૧માં જણાવ્યા મુજબના પુરાવા
- (૨) રેવન્યુ રેકર્ડ સુધારવા અંગે રેવન્યુ વિભાગેથી મેળવેલ એન.ઓ.સી./કરેલ અરજીની વિગતોની સર્ટીફાઈડ નકલ.

(નોંધ : રેવન્યુ વિભાગેથી મેળવેલ એન.ઓ.સી. રજુ કર્યેથી અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.)

**Continue …**

(બી) સંબધીત જમીનના ટાઉન પ્લાનીંગ સ્ટેટસ અંગે.

(I) પ્રિલીમીનરી/ફાયનલ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ બાંધકામો

(૧) ટાઉન પ્લાનીંગ સ્કીમ મુજબનો પાર્ટ પ્લાન

(૨) અમલી ડેવલપમેન્ટ પ્લાન મુજબનો પાર્ટ પ્લાન

(૩) ઝોંનીગ સર્ટીફીકેટ

(II) મુસદ્દારૂપ/મંજુરી અર્થે સાદર કરેલ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ બાંધકામો

(૧) મુસદ્દારૂપ મંજુર ટી.પી.સ્કીમ મુજબનો પાર્ટ પ્લાન

(૨) અમલી ડેવલપમેન્ટ પ્લાન મુજબનો પાર્ટ પ્લાન

(૩) ઝોંનીગ સર્ટીફીકેટ

(III) ટી.પી.સ્કીમ બનેલ ન હોય તેવા વિસ્તારમાં આવેલ બાંધકામો

(૧) ડેવલપમેન્ટ પ્લાન મુજબનો પાર્ટ પ્લાન

(૨) ઝોંનીગ સર્ટીફીકેટ

(IV) ગામતળ તથા કોટ વિસ્તારમાં આવેલ બાંધકામો

(૧) સનદની નકલ તથા સ્કેચ

(૨) ડેવલપમેન્ટ પ્લાન મુજબનો પાર્ટ પ્લાન

(૩) ઝોંનીગ સર્ટીફીકેટ

(સી) રેગ્યુલરાઈઝેશન અંગે રજુ કરવાની થતા જરૂરી નો ઓબ્જેકશન સર્ટીફીકેટ અંગેઃ–

જે મિલ્કતો સ રાજય સરકાર અને પંચાયતના વર્ગીકુત રસ્તાઓની બિલ્ડીંગ કન્ટ્રોલ લાઈન હેઠળ આવતી હોય કે, પેટ્રોલીયમ પાઈપ લાઈન, ઓ.એન.જી.સી. ધ્વારા બનાવેલ ઓઈલ વેલ, વિધુત કંપની ધ્વારા નંખાયેલ ઈલેકટ્રીક લાઈન, એરપોર્ટ , રેલ્વે બાઉન્ડ્રી , આરક્ષિત ઈમારતોની આજુબાજુમાં આવેલ હોય કે કોસ્ટલ રેગ્યુલેશન્સ ઝોન હેઠળ ના વિસ્તારોમાં આવતી હોય તેવી મિલ્કતો માટે જે તે સંબંધિત વિભાગનું એન.ઓ.સી. નિયત સમયમાં રજુ કરવા નિયત અન્ડરટેકીગ રજુ કરવાનું રહેશે.

(ડી) રેગ્યુલરાઈઝેશન અંગે રજુ કરવાની થતા અન્ય જરૂરી નકશા તથા પુરાવા અંગે :–

(૧) સ્થળ સ્થિતિ મુજબના જરૂરી નકશા

(૨) અગાઉ મંજુરી મેળવેલ હોય તેવા કિસ્સામાં મેળવેલ પ્રમાણપત્રો તથા નકશા.

(૩) સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે અધિકૃત લાયસન્સદાર સ્ટ્રકચરલ એન્જીનિયરનું પ્રમાણપત્ર. (સ્વતંત્ર યુનિટ (ટેનામેન્ટ/મકાન)નો બિલ્ટ અપ એરીયા ૧૫૦ ચો.મી. થી ઓછો હોય તેવા કસ્સામાં રજુ કરવાનું રહેશે નહી.)

(૪) ગૃડા–૨૦૧૧ અંતર્ગત ભરવાની થતી ફીનો અંદાજ દર્શાવતું ગણત્રી પત્રક.

❖ કઈ શરતો પાળવી જરૂરી છે ? ( કલમ :૮(૨))

૧. સુસંગત કાયદા હેઠળ જરૂરી અગ્નિશામક વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૨. જરૂરી પાર્કીગની સગવડ ના હોય તો ૫૦૦ મીટરના અંતરમાં છ માસમાં કરવાની રહેશે. પાર્કિંગની સગવડ પુરી પાડયા બાદ જ અનધિકૃત વિકાસ નિયમીત કરવામાં આવશે. જો ૫૦૦ મી. ના અંતરમાં પાર્કિંગ સગવડ થઈ શકે તેમ ન હોઈ તો ખુટતા પાર્કિંગ બાબતે નિયુકત કમિટીનો નિર્ણય આખરી ગણાશે.

૩. સેનેટરી વ્યવસ્થા ન હોય તો તે જ મકાનમાં બે માસમાં કરવાની રહેશે.

❖ ફીની ગણત્રી અંગેની સમજણઃ (કલમઃ૭)

તા.૨૮/૦૩/૧૧ના રોજ અમલી જંત્રી (જુની જંત્રી)માં ઉલ્લેખિત વિકસીત જમીનની કિંમત (ડેવલપ્ડ વેલ્યુ ઓફ લેન્ડ) અનુસાર ફીની ગણત્રી કરવાની રહેશે.

Continue …

| અ.નં.: | કેટેગરી | ફી |
|---|---|---|
| ૧ | ગ્રાઉન્ડ કવરેજ | (એ)રહેણાંક ઉપયોગ માટેઃ જંત્રીના ૩૫%<br>(બી) રહેણાંક સિવાયના ઉપયોગ માટેઃ જંત્રીના ૬૦% |
| ૨ | ગ્રાઉન્ડ કવરેજ સિવાયના અન્ય માળ / સેલરનો બિલ્ટ–અપ એરીયા | (એ)રહેણાંક ઉપયોગ માટેઃ જંત્રીના ૨૦%<br>(બી) રહેણાંક સિવાયના ઉપયોગ માટેઃ જંત્રીના ૪૦% |
| ૩ | મકાનની ઉંચાઈ | મંજુરી મેળવેલ કે મંજુરીપાત્ર ઉંચાઈ કરતા વધુ ઉંચાઈના બિલ્ટ–અપ એરીયા માટેઃ જંત્રીના ૧૦% |
| ૪ | કોમન પ્લોટ | મંજુરીપાત્ર હોય કે ન હોય તેવા વપરાશફેરના બિલ્ટ અપ એરીયા માટેઃ જંત્રીના ૧૦૦%<br>નોંધઃમંજુર લે–આઉટ અથવા સહીયારી માલિકી હિત ધરાવતા કબ્જેદારો અથવા માલિકોની સહમતિથી ફેરફાર મંજુર કરી શકાશે. |
| ૫ | વપરાશફેર | જંત્રીના ૪૦% |
| ૬ | ખુટતી પાર્કિંગ સ્પેસ (Deficit Parking Space) | જરૂરી પાર્કિંગના ૨૫% અથવા ૧૦૦ ચો.મી. બે માંથી જે ઓછું હોય તેવા અથવા કમિટિ ધ્વારા અન્ય કિસ્સાઓમાં નકકી કરવામાં આવે તેમાં ખુટતી પાર્કિંગ સ્પેસ (Deficit Parking Space) માટે જંત્રીના ૧૫૦% |
| ૭ | અન.નં.: ૧ થી ૬ સિવાય | રાજય સરકારશ્રી ધ્વારા સામાન્ય અથવા ખાસ હુકમ ધ્વારા નકકી કરવામાં આવે તે મુજબ |
| | નોંધઃ (૧)જે પ્રકરણોમાં અગાઉ મંજુરી લેવામાં આવેલ ન હોય તેવા અનધિકૃત વિકાસનો જે ભાગ પ્રવર્તમાન જી.ડી.સી.આર. મુજબ મંજુરીપાત્ર હોય તે માટે ઉપર જણાવેલ ટેબલમાં ઉલ્લેખ કરેલ ફીના ૨૫% ના ધોરણે ગણત્રી કરવાની રહેશે અને મંજુરીપાત્ર ન હોય તેવા ભાગ માટે ટેબલમાં જણાવેલ દરે ગણી કરવાની રહેશે.<br>(૨)જે પ્રકરણોમાં અગાઉ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં અનધિકૃત વિકાસનો જે ભાગ જી.ડી.સી.આર. મુજબ મંજુરીપાત્ર હોય તે માટે ઉપર જણાવેલ ટેબલમાં ઉલ્લેખ કરેલ ફીના ૨૫%ના ધોરણે ગણત્રી કરવાની રહેશે અને મંજુરીપાત્ર ન હોય તેવા ભાગ માટે ટેબલમાં જણાવેલ દરે ગણત્રી કરવાની રહેશે. (૩) જરૂરી પાર્કિંગની ગણતરી માટે એફ.એસ.આઈ, કુલ વપરાયેલ બિલ્ટ એરીયાના ૯૦% પ્રમાણે ગણવામાં આવશે. | |

**Continue …**

ઉપર મુજબના દરે ફી ની ગણત્રી કરી તેની જાણ અરજદાર/ માલિક/ કબ્જેદારોને કર્યેથી અરજદારે એક મહિનાની સમય મર્યાદામાં સંપૂર્ણ ફી જમા કરાવવાની રહેશે. નિયમ સમય મર્યાદામાં ફી જમા નહી કરાવવામાં આવે તો અરજી દફતરે કરવામાં આવશે.

❖ તા.૨૦–૨–૨૦૧૨ થી ૬(છ) માસ માં ઉપરોકત દર્શાવેલ ૧ થી ૬ બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી નોટિસ મળ્યેથી, ૩૦ (ત્રીસ) દિવસમાં વિગતો રજુ કરવાની રહેશે અથવા નોટિસ મળેલ ન હોય તો પણ અરજદાર નિયત ફોર્મમાં અરજી કરી શકશે.

❖ અરજીની સાથે રજુ કરવાના પુરાવાઓ, એન.ઓ.સી, નકશા વિગેરે સંબંધી તથા ઈમ્પેકટ ફીના દરો અને ગણતરી સંબંધી જાણકારી સુરત મહાનગરપાલિકાની દરેક ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગ તથા મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મળી શકશે.)

❖ સુરત મહાનગરપાલિકામાં રજીસ્ટર્ડ આર્કિટેકટ, એન્જીનીયર તથા સ્ટ્રકચરલ ડીઝાઈનરનું લીસ્ટ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ http//suratmunicipal.gov.in/content/towndevelopment/registeredprofessionals.shtml ઉપરથી મળી શકશે. અથવા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી પણ વિગતો ઉપલબ્ધ થઈ શકશે તથા દરેક ઝોન કચેરીમાં પણ લિસ્ટ રાખવામાં આવેલ છે.

❖ નીચે જણાવેલ વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર પ્રકાશિત કરવામાં આવેલ છ,.તથા તેની નકલો દરેક ઝોન કચેરીએ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(૧) ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ,૨૦૧૧
(૨) ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના નિયમો, ૨૦૧૨
(૩) ફીના દર અંગેનું જાહેરનામું

❖ નિયમીત ન થયેલ હોય તેવા બિનઅધિકૃત બાંધકામો સામે મુદત વિત્યેથી , આવા બાંધકામો દુર કરવાની કે બિનઅધિકૃત વપરાશ બંધ કરાવવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

TOP